# સુશાસન દિવસે ગુજરાતમાં લોકહિતના નિર્ણયોની નવતર ભેટ

## નાગરિકોની સુવિધામાં વૃદ્ધિ કરતા જનહિતના નિર્ણયોની જાહેરાત કરતી ગુજરાત સરકાર





## નિશ્ચિત સરકારી સેવાઓમાં એફિડેવિટમાંથી મુક્તિ-સેલ્ફ ડેક્લેરેશન માન્ય રાખવાનો ઐતિહાસિક નિર્ણય

### મહેસૂલી સેવામાં ક્રાંતિકારી નિર્ણયો

- ડિજીટલી પ્રમાણિત પ્રોપર્ટીકાર્ડ હવે ઓનલાઇન મળશે
- બિનખેતી હુકમો બાદ ઓટો જનરેશનથી પ્રોપર્ટીકાર્ડ ઉપલબ્ધ થશે
- બિનખેતી હુકમોની મંજૂરી બાદ બાંધકામ અંગેની સમયમર્યાદા દૂર કરવામાં આવી
- વર્ષ ૨૦૧૯થી નોંધાયેલા દસ્તાવેજોની ડિજીટલી સાઇન્ડ નકલ ઓનલાઇન ઉપલબ્ધ થશે




### સુશાસનની દિશામાં મહેસૂલ વિભાગનું વધુ એક કદમ

- હુકમી નોંધ અને બેંક દ્વારા બોજા દાખલ તથા દૂર કરવા અંગેની નોંધો માટેની ૧૩૫/ડી નોટીસની સમયમર્યાદા ૩૦ દિવસથી ઘટાડી ૧૦ દિવસ કરવામાં આવી
- લેન્ડ રેવન્યુ કોડની કલમ-૭૩એએની મંજૂરી પ્રક્રિયા ઓનલાઇન થશે
- ગણોત ધારા કલમ-૩૨ એમ અંતર્ગત ખરીદ કિંમત ભરપાઇ કરવાની મુદતમાં ૩ વર્ષનો વધારો કરાયો
- ગણોત ધારા કલમ-૪૩ તથા કલમ-૬૩ ની મુદત અનુક્રમે ૨ વર્ષથી વધારી ૫ વર્ષ તથા ૫ વર્ષથી વધારી ૧૦ વર્ષ સુધીની સત્તા કલેક્ટરશ્રીને આપવામાં આવી

### નાગરિક સુવિધાલક્ષી નિર્ણયોની પહેલ

- સરકારના વિભાગો વચ્ચે સંકલન અને સુદૃઢિકરણ માટે ઇ-સરકાર પોર્ટલનો પ્રારંભ
- PMJAY-MA યોજનાના લાભાર્થીઓને તલાટી દ્વારા અપાતા આવકના પ્રમાણપત્રો ત્રણ વર્ષ સુધી માન્ય રખાશે
- જાહેર વિતરણ વ્યવસ્થા વધુ પારદર્શક અને અસરકારક બની My Ration Mobile Appથી રાશનકાર્ડની સેવાઓ, અનાજ વિતરણની વિગતો, વાજબી ભાવની દુકાનની વિગતો હવે મોબાઇલ એપ પર ઉપલબ્ધ થશે
- સ્વાવલંબનથી સ્વરોજગારની ડિજિટલ સેવા ઈ-કુટીર પોર્ટલનો પ્રારંભઃ જેના થકી લાભાર્થીઓને કુટિર ગ્રામોદ્યોગની વિવિધ યોજનાઓના લાભ ઓનલાઇન મળશે
- વન વિભાગ દ્વારા ટિંબર ટ્રાન્ઝીટ પાસ મંજૂરી પોર્ટલનો પ્રારંભ
- પાણી પુરવઠા વિભાગની સુગ્રથિત વ્યાપક કાર્યપદ્ધતિ માટે એન્ટરપ્રાઇઝ એપ્લિકેશન પ્લેટફોર્મ અને મોબાઇલ એપનું લોન્ચિંગ




અદ્યતન ટેક્નોલોજીયુક્ત માળખાકીય સુવિધા સાથેના જનસંપર્ક એકમ-સ્વાગત કક્ષનો શુભારંભ

**તા.૨૯મી થી ૩૧મી ડિસેમ્બર સુધી રાજ્યભરમાં યોજાશે**

**સુશાસન સપ્તાહ**